પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 022-22610835 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

11 જાન્યુઆરી 2019

## સીટીબેંક એનએ ભારત પર ભારતીય રિઝર્વ બેંક લાદે છે નાણાકીય દંડ

ભારતીય રિઝર્વ બેંકે (આરબીઆઈ) 04 જાન્યુઆરી, 2019 ના એક આદેશ દ્વારા સીટી બેંક એનએ ભારત પર, રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલ બેંકોના નિર્દેશકો માટેના ‘યોગ્ય અને ઉચિત’ માનદંડો પરના આરબીઆઈના સૂચનોના અનુપાલનમાં રહેલ ઊણપો બદલ, ₹30 મિલિયનનો નાણાકીય દંડ લાદેલ છે. આ દંડ ભારતીય રિઝર્વે બેંક દ્વારા જારી કરવામાં આવેલ ઉપરોક્ત નિર્દેશોનું અનુપાલન કરવામાં બેંકની નિષ્ફળતાને ધ્યાનમાં રાખતાં બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949 ની કલમ 47ક (1)(ગ) ની સાથે કલમ 46 (4)(i) ને વાંચતા, તે કલમો હેઠળ ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરતાં લાદવામાં આવેલ છે.

આ કાર્યવાહી વિનિયમનકારી અનુપાલનમાં રહેલી ઊણપો પર આધારિત છે અને તેનો ઉદ્દેશ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલ કોઈ પણ લેણદેણ અથવા કબૂલાતની વૈધતા પર નિર્ણય કરવાનો નથી.

**અનિરુદ્ધ ડી. જાધવ**

**સહાયક પ્રબંધક**

**પ્રેસ પ્રકાશન : 2018-2019/1633**